કોટન-ખાંડીના વાયદામાં રૂા. ૩૬૦ની નરમાઈ : મેન્થા તેલ પણ ઢીલું : નેચરલ ગેસમાં સુધારાનો સંચાર



સોના અને ચાંદીમાં વૃદ્ધિ ક્રૂડ તેલમાં રૂા. ૧૫૮ની તેજી

મુંબઈ,તા.૮

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૧,૭૬૬ સોદાઓમાં કુલ રૂ.૧૯,૨૩૩.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૩૮૫.૨૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૮૩૬.૧૧ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૪,૦૮૩ સોદાઓમાં રૂ.૩,૧૭૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૭૮૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૯૫૯ અને નીચામાં રૂ.૬૦,૭૭૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧૩ વધી રૂ.૬૦,૯૪૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪૪ વધી રૂ.૪૮,૭૭૩ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૬,૧૨૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૩ વધી રૂ.૬૦,૯૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૭,૨૪૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૭,૩૭૮ અને નીચામાં રૂ.૭૭,૦૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૧ વધી રૂ.૭૭,૧૫૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૩૦ વધી રૂ.૭૬,૯૭૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૪૫ વધી રૂ.૭૬,૯૬૮ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૧૩૯ સોદાઓમાં રૂ.,૮૩૧.૪૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે [illegible] રૂ.૭૪૪.૯૦ના ભાવે ખૂલી, રૂ.૯.૩૦ વધી રૂ.૭૫૨.૯૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ વધી રૂ.૨૦૮.૯૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ વધી રૂ.૨૩૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ વધી રૂ.૨૦૯ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૪.૨૦ જસત-મિની મે વાયદો રૂ.૦.૯૫ વધી રૂ.૨૩૯.૨૦ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૮૭૬ સોદાઓમાં રૂ.૧,૩૭૩.૭૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૯૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૦૮ અને નીચામાં રૂ.૫,૮૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૮ વધી રૂ.૫,૯૯૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૫૬ વધી રૂ.૫,૯૯૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૮ના ભાવે ખૂલી, રૂ.૩.૬૦ વધી રૂ.૧૭૯.૯૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૩.૭ વધી ૧૮૦.૨ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૬.૨૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૮૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૦૦૦ અને નીચામાં રૂ.૬૨,૮૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬૦ ઘટી રૂ.૬૨,૯૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૧૦ ઘટી રૂ.૯૬૫ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૯૧.૩૪ કરોડનાં ૨,૭૭૭.૫૯૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૪૮૨.૫૫ કરોડનાં ૧૯૨.૦૪૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૯૩.૨૩ કરોડનાં ૧૩,૩૪,૨૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૮૦.૫૩ કરોડનાં ૩,૨૦,૧૫,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૫૭.૪૮ કરોડનાં ૨,૭૫૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૧.૫૦ કરોડનાં ૧,૧૬૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૯૩.૬૭ કરોડનાં ૭,૯૨૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૧૫૮.૭૬ કરોડનાં ૬,૬૩૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૧૧ કરોડનાં ૩૩૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૦૯ કરોડનાં ૪૨.૧૨ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૪૦૦.૫૩૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૫.૭૭૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૦૨૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૦,૧૦૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૩૦૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૦૫૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૮,૫૮,૬૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૨૭,૧૩,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૨૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૯.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂા.૫,૩૮૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂા.૧૩૮૩૬.૧૧ કરોડનું ટર્નઓવર બુલડેક્સ વાયદામાં રૂા.૧૨ કરોડના કામકાજ

અમેરિકામાં હજુ પણ બીજી ઘણી બેન્કોનું પતન થઈ શકે

વોશિંગ્ટન, તા.૮

અમેરિકામાં માત્ર બે મહિનાના ગાળામાં ત્રણ મોટી બેન્કોનું પતન થયું તેનાથી દુનિયા ચોંકી ગઈ છે. પરંતુ વેલ્યૂએશન ગુરુ અશ્વથ દામોદરન માને છે કે આ તો હજુ શરૂઆત છે. અમેરિકામાં બીજી ઘણી બેન્કોનું આવી રીતે પતન થાય તેવી શક્યતા છે. યુએસના બેંકિંગ ઉદ્યોગમાં કટોકટી બહુ મોટી છે અને સ્થિતિ દેખાય છે તેના કરતા વધારે ગંભીર છે.ન્યૂયોર્ક યુનિવર્સિટીના પ્રોફેસર દામોદરને કહ્યું કે અમેરિકન બેંકિંગ સિસ્ટમમાં હજુ બીજી બેન્કો પણ ધ્વસ્ત થઈ શકે છે. તેમાં પણ છે બેન્કો તાજેતરમાં કેટલાક વર્ષોમાં સૌથી વધારે ઝડપથી વધી છે તે બેન્કો પર વધારે જોખમ છે. તેઓ કહે છે કે ૨૦૦૮ કરતા સ્થિતિ અલગ છે. ૨૦૦૮માં તમે બેન્કોનું જોખમ લેવાનું વલણ સ્પષ્ટ જોઈ શકાતું હતું. તેના કારણે બેન્કો ફેઈલ ગઈ હતી. પરંતુ આ વખતે બેન્કો હાઈ ગ્રોથ માટે આંધળી બની છે અને નિયમો નેવે મુકી રહી છે, જેના કારણે પતન નિશ્ચિત જણાય છે. અમેરિકામાં બે મહિના અગાઉ સિલિકોન વેલી બેન્ક (જીફ્મ)નું પતન થયું ત્યારથી મુશ્કેલીની શરૂઆત થઈ છે. તેના કારણે અમેરિકન ઈકોનોમી માટે મોટું જોખમ પેદા થયું છે જે બીજા દેશોની નાણાકીય સિસ્ટમ સુધી ફેલાય તેવી શક્યતા છે. અમેરિકામાં બેંકિંગ કટોકટી ખતમ થવાના બદલે આગળ વધી રહી હોય તેમ લાગે છે. થોડા દિવસો અગાઉ ફર્સ્ટ રિપબ્લિક બેન્કનું પતન થયું અને તેને જેપી મોર્ગન દ્વારા ખરીદવામાં આવી હતી.પ્રોફેસર દામોદરને પોતાના લેટેસ્ટ બ્લોગમાં જણાવ્યું છે કે યુએસ બેંકિંગ સિસ્ટમમાં વધુ ડોમિનોનું પતન થશે. બેન્કોનો નફો નહીં પણ તેનું કોન્સિન્ટ્રેશન વધશે.

વિશ્વ બેંકના અહેવાલમાં ઘટસ્ફોટ

બ્રાઝિલમાં ૨૦૩૦ સુધીમાં લાખો લોકો જળવાયુ પરિવર્તનને કારણે અત્યંત ગરીબ બની જશે

બ્રાઝિલ,તા.૮

વિશ્વ બેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આબોહવા સંબંધિત વધઘટ ૨૦૩૦ સુધીમાં લાખો બ્રાઝિલિયનોને અત્યંત ગરીબીમાં ધકેલી શકે છે. આ રિપોર્ટમાં બ્રાઝિલને રિન્યુએબલ એનર્જી સ્ત્રોતો માટે રોકાણને વેગ આપવા અપીલ કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે દક્ષિણ અમેરિકાનું આ સૌથી ગરીબ રાષ્ટ્ર કુદરતી આફતો - ખાસ કરીને પૂર અને દુષ્કાળ, ખાદ્યપદાર્થોની વધતી કિંમતો અને ઓછી શ્રમ ઉત્પાદકતા જેવી બાબતોથી પ્રભાવિત થશે. અહેવાલ જણાવે છે કે બ્રાઝિલ પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોત તરીકે મજબૂત સ્થાન ધરાવે છે, કારણ કે તેનો લગભગ અડધો ઉર્જા પુરવઠો, જેમાં ૮૦% થી વધુ વીજળીનો સમાવેશ થાય છે, પહેલેથી જ નવીનીકરણીય ઉર્જામાંથી આવે છે.બ્રાઝિલ માટે વિશ્વ બેંકના કન્ટ્રી ડિરેક્ટર જોહાન્સ ઝટ કહે છે કે તેની ઓછી કાર્બન ક્ષમતાનો સંપૂર્ણ લાભ લેવા માટે બ્રાઝિલે હવેથી ૨૦૫૦ વચ્ચે દર વર્ષે તેના વાર્ષિક જીડીપીના ૦.૫% ચોખ્ખું રોકાણ કરવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું કે આ દાયકાના અંત સુધીમાં, આબોહવાની વધઘટ ૮ થી ૩ મિલિયન બ્રાઝિલિયનોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે. ગયા નવેમ્બરમાં વિશ્વ બેંકે તેના અહેવાલમાં કહ્યું હતું કે જળવાયુ પરિવર્તન લાંબા ગાળાના વિકાસ, ખાસ કરીને ગરીબી ઘટાડવા માટે મોટો ખતરો છે. બ્રાઝિલ માટેના તાજેતરના અહેવાલમાં ઈન્ટર-અમેરિકન ડેવલપમેન્ટ બેંક (ઈ્ઢમ્) દ્વારા કરવામાં આવેલા સંશોધનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સંશોધન કહે છે કે બ્રાઝિલ ટૂંક સમયમાં એક એવા ટિપીંગ પોઈન્ટ પર પહોંચી શકે છે, જેનાથી આગળ ઈકોસિસ્ટમને ટકાવી રાખવા અને એમેઝોન બેસિનમાં પાણીનો પુરવઠો અને કાર્બન સંગ્રહ સુનિશ્ચિત કરવા માટે પૂરતો વરસાદ નહીં થાય. સૌથી ખરાબ પરિસ્થિતિમાં, આબોહવા પરિવર્તન, વનનાબૂદી અને ઘાસના વિસ્તારોના વિસ્તરણને કારણે ૨૦૫૦ સુધીમાં બ્રાઝિલના જીડીપી પર ઈ૧૮,૪૦૦ મિલિયનની સંચિત અસર થવાનો અંદાજ છે, જે દેશના વર્તમાન જીડીપીના ૯.૭% ની સમકક્ષ છે.

સિંધિવાડમાં સાળાએ બનેવીને ચપ્પુનાં ૬ ઘા મારી જીવલેણ હુમલો કર્યો

રાજપીપળા, તા.૮

રાજપીપળા શહેરનાં સિંધિવાડ વિસ્તારમાં રહેતા એક ઈસમ પર તેનાજ સાળાએ નજીવી બાબતે ચપ્પુનાં ઘા મારી જીવલેણ હુમલો કરવાની ઘટના બનતા લોકટોળા એકઠા થયાં હતાં.

ત્યારબાદ ઈજાગ્રસ્તને રાજપીપળા સિવિલમાં લઈ જવાયો હતો.રાજપીપળા સંધિવાડ વિસ્તારમાં રહેતા સમીરખાન નાશિરખાન બલુચ (૩૨) ને તેમના પત્ની સાઈમાંબાનું સાથે લગ્નમાં વડોદરા જવા બાબતે નજીવી બોલાચાલી થઈ હતી.

નવા રસ્તાની માંગ સાથે ઓરી ગ્રામજનોનું આંદોલન

રાજપીપળા : નાંદોદ તાલુકાના ઓરી ગામના લોકો રસ્તા બાબતે રોષે ભરાયા છે.ગામમાં અને સીમમાં જવાનો રસ્તા પરથી મોટી સંખ્યામાં હાઈવા ટ્રકો અવર જવર કરતી હોવાથી આખો રસ્તો ખોદાઈ ગયો છે અને મોટા મોટા ખાડા પડી ગયા છે હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ગ્રામજનોને આક્રોશ સાથે જણાવ્યું હતું કે અમને અવરજવર માટે ખુબ મુશ્કેલી પડી રહી છે.ઓરી ગામનો રસ્તો મંજુર થઈ ગયો છે પરંતુ બનતો નથી એ બાબતે પણ ગ્રામજનો તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે.જયારે બીજી બાજુ રેતીની હાઈવા ટ્રકો પણ મોટી સંખ્યામાં અવાર જવર કરતા હોવાથી રસ્તો ખોદાઈ રહ્યો છે.જો તંત્ર ઓરી ગામનો રોડ નહિ બનાવે તો ગ્રામજનો ઉગ્ર આંદોલન કરીશુ એવી ચીમકી ઉચ્ચારી છે.

જાપાનના મિયાઝાકીની કેરી વિશ્વમાં સૌથી મોંઘી : રૂા.૨.૭૦ લાખની કિલો

નવી દિલ્હી, તા.૮

કેરીને ફળોનો રાજા કહેવાય છે. ઉનાળા સાથે દેશમાં કેરીની સિઝન શરૂ થઈ ગઈ છે. વિશ્વમાં ભારતને કેરીની વિવિધ જાતો માટે ઓળખવામાં આવે છે. આપણા દેશમાં ઉત્પાદિત થતી કેરીની વિશ્વના અનેક દેશોમાં નિકાસ પણ થાય છે. ભારત દશેરીથી લઈને લંગડા અને આલ્ફોન્સોથી લઈને બંબૈયા સુધીની મીઠાસ વિશ્વભરમાં ફેલાવે છે. જોકે, હવે કેરીની નવી વેરાયટી માર્કેટમાં આવી ગઈ છે, જેને વિશ્વની સૌથી મોંઘી કેરી કહેવામાં આવી રહી છે. આમ તો,દેશમાં મોંઘવારી વધી રહી છે, એટલે ભારતના ૯૯.૯૯ ટકા લોકો પાસે આ ફળ ખરીદવાની ક્ષમતા નથી તેમ કહી શકાય. આ કેરી વિશ્વની સૌથી મોંઘી કેરી છે કારણ કે, ધનવાન લોકોના પરિવારો પણ આખી સિઝનમાં આ કેરીઓ ખાઈ શકતા નથી. આ કેરી હટકે અને મોંઘી છે. કેરીની કિંમત તેને વિશ્વના ખૂબ જ અતિ ધનવાન લોકોનું ફળ બનાવી દીધું છે. આ કેરી આપણા દેશમાં ઉગાડવામાં આવતી કેરીની ખાસ જાત જેવી જ છે. સિંદુરિયા સિઝનના મધ્યમાં અહીં સામાન્ય માર્કેટમાં આવી જાય છે. આ કેરી ખૂબ જ સુંદર દેખાવ ધરાવે છે, આ કેરી પોતાના સ્વાદ માટે નહીં પરંતુ કિંમતના કારણે જાણીતી છે. જો સ્વાદની વાત કરીએ તો, દેશમાં લંગડા, દશેરી અને આલ્ફોન્સો પ્રખ્યાત છે. પરંતુ, આજે આપણે જે વેરાયટી વિશે વાત કરવા જઈ રહ્યા છીએ તેની કિંમત ૨.૭૦ લાખ રૂપિયા પ્રતિ કિલો છે. તેનું ઉત્પાદન જાપાનના મિયાઝાકી શહેરમાં થાય છે. આ કેરીને મિયાઝાકી કહેવામાં આવે છે. સામાન્ય રીતે કેરીના ઉત્પાદનની બાબતમાં આપણો દેશ ભારત વિશ્વમાં પ્રખ્યાત છે. પરંતુ, આ મિયાઝાકી કેરીના નામની પાછળ તેના ઉત્પાદન પ્રદેશની ઓળખ છુપાયેલી છે. આ કેરીની ખેતી જાપાનના ક્યુશુ પ્રદેશના મિયાકાજી શહેરમાં થાય છે. તેથી જ તેનું નામ મિયાકાજી કેરી પણ છે. જાપાનીઝ કેરીનું વજન લગભગ ૩૫૦ ગ્રામ હોય છે અને તેમાં લગભગ ૧૫ ટકા શુગર જોવા મળે છે. હવે દુનિયાની સૌથી મોંઘી કેરીના ભાવ પર નજર કરીએ તો આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત પ્રતિ કિલો ત્રણ લાખ રૂપિયા છે.

હવે કેરીની નવી વેરાયટી માર્કેટમાં આવી ગઇ જેને વિશ્વની સૌથી મોંઘી કેરી કહેવામાં આવી રહી છે

લોન ભરપાઈ ન કરી શકનાર દેવાદારને બેંકોએ સાંભળવા પડશે

મુંબઈ, તા.૮

જ્યારે બેંકમાંથી લોન લેનાર વ્યક્તિઓ લોન ચૂકવવામાં નિષ્ફળ જાય ત્યારે તેવા દેવાદારોને બેંક ડિફોલ્ટર તરીકે જાહેર કરે છે. બેંક દ્વારા **RBI**ની જોગવાઈ પ્રમાણે તે વ્યક્તિને ડિફોલ્ટર જાહેર કરવામાં આવે છે. પરંતુ નાણાં પરત ચૂકવવામાં અસમર્થ વ્યક્તિને રજૂઆત કરવાની તક અપાતી નથી.

આ સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિરુદ્ધ રાજેશ અગ્રવાલના કેસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ડિફોલ્ટરની ગાઈડલાઈનને ચેલેન્જ કરવામાં આવી હતી. બચાવ પક્ષ તરફથી રજૂઆત કરાઈ હતી કે, કોઈ વ્યક્તિને ડિફોલ્ટર તરીકે જાહેર કરવો અને તેને રજૂઆતની એક તક પણ ન આપવી તે રૂલ ઓફ નેચરલ જસ્ટિસની વિરુદ્ધ છે.વ્યક્તિને ડિફોલ્ટર જાહેર કરવાથી તેને અન્ય લોન મળતી નથી. કંપનીના પ્રમોટરને પણ તેની અસર પડતી હોય છે.

જાહેર નિવિદા

તાલુકા પંચાયત ક્ચેરી, ફતેપુરા ધ્વારા દાહોદ જિલ્લાના પ્રાયોજના વિસ્તારમાં આદિજાતિ બેરોજગાર યુવક યુવતીઓને ટુંકાગાળાની તાલીમ મેળવી તેઓને વ્યવસાયમાં ઉચ્ચ ગુણવંતાવાળી તાલીમ મેળવી ટુંકાગાળાની કામગીરીમાં જ્ઞાનમાં વધારો થાય તે માટે નીચે મુજબના ટુંકાગાળાના તાલીમ વર્ગો શરૂ કરવાના થાય છે.

૧.સીવણ કામનીતાલીમ, ૨. કોમ્યુટરની તાલીમ, ૩.બ્યુટી પાર્લરની તાલીમ, ૪.સુથારી કામની તાલીમ, ૫.કડીયા કામની તાલીમ

આમ ઉપરોક્ત મુજબ સદર તાલીમ વર્ગો શરૂ કરવા માટે શીલબંધ કરવામાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દીન–૭ માં ભાવો મંગાવવામાં આવે છે. જે તમામ ડોકયુમેન્ટ સાથે તાલુકા પંચાયત ક્ચેરી ખાતે સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીમાં બંધ કરવામાં કવર ઉપર વિષય લખી આર.પી.એડી ધ્વારા ક્ચેરીમાં જમા કરાવવાના રહેશે. ટેન્ડર મંજુર તથા નામંજુર કરવાના તમામ હકકો તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને રહેશે. આ બાબતે કોઈપણ કાયદાકીય કાર્યવાહી કરી શકાશે નહી.

તારીખ:– (માહિતી/દાહોદ/૨૫/૨૦૨૩) તાલુકા વિકાસ અધિકારી, ફતેપુરા

મારૂ જુનુ નામ
જલીલખાન
હતુ બદલીને નવુ નામ
પઠાણ જલીલખાન
રાખેલ છે.
૧૦૧, શ્યામ રેસીડેન્સી,
ન્યુ સમા રોડ, વડોદરા.

Shastriji Maharaj Hospital
II Arogyam Sarvada II
BAPS Opp. BAPS Swaminarayan Mandir, Atladara, Vadodara-12.

નોટીસ

તારીખ : ૦૫-૦૫-૨૦૨૩

બી.એ.પી.એસ. શાસ્ત્રીજી મહારાજ હોસ્પીટલ, અટલાદરા, વડોદરા જાહેર જનતાને જણાવવા માંગે છે કે હોસ્પીટલ ધ્વારા ધોરણ (નિયમો) મુજબ હોસ્પીટલમાં ૦૧ એપ્રિલ, ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીના દાખલ થયેલ પેશન્ટના મેડીકલ રેકોર્ડ (માહિતી) નો નાશ ૦૧ જૂન, ૨૦૨૩ ના રોજ કરી રહ્યા છે.

તેથી ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધીના જે દર્દીઓ હોસ્પીટલમાં દાખલ હતા અને જો તેઓ પોતાના દાખલ થયેલ મેડીકલ રેકોર્ડ (માહિતી) જોવા માંગતા હોય તો તેઓ હોસ્પીટલના પેશન્ટ રિલેશન્સ ઓફિસર (PRO) નો સંપર્ક ૯૯૯૮૯૯૨૩૯૬ મોબાઈલ નંબર પર તારીખ ૩૧ મે, ૨૦૨૩ પહેલા કરી શકે છે. ત્યાર બાદ હોસ્પીટલ ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધીના રેકોર્ડ (માહિતી) આપવા સક્ષમ રહેશે નહિ.

હોસ્પીટલ મેનેજમેન્ટ

જાહેર સૂચના

જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે મારા ક્લાયન્ટ **મેસર્સ પ્રોફેક્ટસ કેપિટલ પ્રાઇવેટ લિમિટેડ**ની શાખા ઓફિસ નં-બી/૨-૩૦૧, આઈટીસી બિલ્ડીંગ મજુરા ગેટ સુરત (ધિરાણકર્તા) ખાતે તેની શાખા છે. **નીરજકુમાર ભારતી દિનેશપ્રસાદ મહતો, શૈલેષ દિનેશપ્રસાદ કુશવાહા અને મહતો સતીશ કુમાર કૃષ્ણદેવ** અને અન્ય (ઉધાર લેનારા/ઓ)ને ધિરાણ સુવિધા આપવાનો ઈરાદો ધરાવે છે નિરજ કુમાર ભારતી દિનેશપ્રસાદ મહતો, શૈલેષ દિનેશપ્રસાદ કુશવાહા અને મહતો સતીશ કુમાર કૃષ્ણદેવ (ગીરો મુકનાર/ઓ) દ્વારા નીચે સૂચિમાં વર્ણવેલ મિલકત ખરીદવા માટે મેસર્સ વિરાટ એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢી (વિક્રેતા) પાસેથી અને ઉધાર લેનારા/ઓ માટે મંજૂર કરાયેલ લોન સુરક્ષિત કરવા માટે ઉક્ત મિલકત પર ગીરો બનાવો.

વિક્રેતા, ખરીદનાર અને લેનારાએ ખરીદનાર અને ધિરાણકર્તાને પુષ્ટિ, જાહેર અને ખાતરી આપી છે કે આ મિલકત કોઈપણ ગીરો, લીઝ, લોન, જામીન, નુકશાન, ઉત્તરાધિકાર, આરક્ષણ, સંપાદન, માંગણી અથવા અન્યથા કોઈપણ રીતે આધીન નથી. અને તમામ બોજાથી મુક્ત અને સ્વચ્છ અને માર્કેટેબલ શીર્ષક અને ગીરો રાખવાનો અને ઉક્ત મિલકત સાથે વ્યવહાર કરવાનો વિશિષ્ટ અધિકાર ધરાવતો છે.

તેથી કોઈપણ વ્યક્તિ(વ્યક્તિઓ)ને વેચાણ, ભેટ,લીઝ, વારસો, વિનિમય, મોર્ટગેજ, ચાર્જ, પૂર્વાધિકાર, ટ્રસ્ટ, લાભદાયી હિત, કબજો, સરળતા, ભાડૂત, પેટા-ભાડુઆત, લાઈસન્સ, હાઈપોથેકેશન, જાળવણી, વારસો, પાવર ઓફ એટર્ની, ઓર્ડર, હુકમનામું પુરસ્કાર જોડાણ અથવા અન્યથા કોઈપણ રીતે દ્વારા તેના કોઈપણ ભાગની ઉક્ત મિલકતમાં કોઈપણ હક્ક, શીર્ષક, રસ અથવા દાવો હોય, તો આની તારીખથી ૧૪ દિવસની અંદર નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજો સાથે લેખિતમાં જાણ કરવી જરૂરી છે, જેમાં નિષ્ફળ થવાથી મારા ક્લાયન્ટ આવા દાવાના સંદર્ભ વિના લોનનું વિતરણ કરવા આગળ વધશે અને તે જ, જો કોઈ હોય તો, તેને માફ કરવામાં આવેલ અને અથવા ત્યજી દેવાયેલ તરીકે ગણવામાં આવશે.

અનુસૂચિ
(સંપત્તિ વર્ણન)

મૌજે અણખી, વડોદરામાં જમીનનો બિન-ખેતી પ્લોટ ધરાવતો સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ જમીન ધરાવતો બ્લોક/**R.S.** નંબર ૪૫૨/બી પૈકી ૧, ખાતા નંબર ૨૮૯, ૫૯૭૧ ચોરસ મીટર, બ્લોક/**R.S.** નંબર ૪૨૬/બી, ખાતા નંબર ૨૯૦, ૩૯૦૦ ચોરસ મીટરનું માપન, કુલ ૯૮૭૧ ચોરસ મીટરનું માપન, ''વિરાટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ'' ઔદ્યોગિક પ્લોટ નંબર ૧ તરીકે ઓળખાય છે, પ્લાન મુજબ ૨૪૫.૩૮ ચોરસ મીટર માપવાના પ્લોટ, ૨૪૫.૭૨ ચોરસ મીટરના વિસ્તારના પ્લોટ મુજબ, ૧૬૮.૦૭૩ ચોરસ મીટરના સામાન્ય પ્લોટ અને રોડ વિસ્તારનો અવિભાજિત હિસ્સો, નોંધણી જિલ્લા અને પેટા જિલ્લો વડોદરા અને વડોદરા જિલ્લા અને વડોદરા જિલ્લા હેઠળ પૂર્વઃ કોમન પ્લોટ દ્વારા, પશ્ચિમઃ પ્લોટ નંબર ૨ દ્વારા, ઉત્તરઃ કેનાલ રોડ દ્વારા, દક્ષિણઃ ૯.૦૦ મીટર સુધીમાં, રોડ.

વિક્લ્પ લો એસોસિએટ્સ
એડવોકેટ નિશા પટેલ
સરનામું: ઓફિસ નં. ૭૨૬, ૭મો માળ, ઈસ્કોન એમ્પોરિયો, સ્ટાર બજાર પાસે, જોધપુર ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
આકારણી શાખા

વડોદરા મહાનગરપાલિકાના ઉત્તર ઝોનમાં આવેલ વહીવટી વોર્ડ-૧, ૨, ૩, ૭ અને ૧૩ ના હદ વિસ્તારમાં આવેલી તમામ મિલકતોના રીવીઝન આકારણી સર્વેની કામગીરી બાબત.

વડોદરા મહાનગરપાલિકાના ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ વહીવટી વોર્ડ-૧, ૨, ૩, ૭ અને ૧૩ ના હદ વિસ્તારમાં આવેલી મિલકતોના માપમાં વધારા / નવીન બાંધકામ/ હેતુફેર / વપરાશમાં ફેરફાર વગેરેની માહિતી પ્રાપ્ત કરી રીવીઝન આકારણી સર્વેની કામગીરી તા.૦૯-૦૫-૨૦૨૩ના રોજથી શરૂ કરવામાં આવનાર હોઇ ઉપરોકત વિસ્તારમાં આવનાર કર્મચારીઓને સાથ સહકાર આપવા વિનંતી છે.

સદર બાબતે આપને કોઇ રજુઆત હોય તો કામકાજના દિવસોમાં સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન આકારણી શાખા, ખંડેરાવ માર્કેટ ખાતે સંપર્ક કરવા વિનંતી છે.

પી.આર.ઓ.નં:૧૫૦/૨૦૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનર

Madhya Gujarat Vij Company Ltd.
O&M) Circle Office, 3rd Floor, Nagar PalikaBhavan, NADIAD–387001
Ph. No. (0268) 2562204 / 2562208 Fax No. (0268) 256229

**Tender Not